અપીલ અરજી નં.૩૩૭ તા.૩૧–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: શ્રી કલાબેન મહેન્દ્રકુમાર શ્રોફ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કલાબેન મહેન્દ્રકુમારની તા.૧૨/૧૧/૧૦ ની અરજીથી સુરત ટેક્ષસ્ટાઈલ માર્કેટમાં આવેલ દુકાન એ–૩૩૩૮ સંબધી જી.આર.સીલ્ક મિલ્સના નામે ધંધા સબંધી આપવામાં આવેલ લાયસન્સ નંબર એસ/ઉમરવાડા/૧૫૦૬ રદ કરવા બાબત ઉપર જણાવેલ વિષય બાબત તા.૮/૫/૧૦ ના રોજ આપવામાં આવેલ અરજી અંગે આપના તરફથી કઈ કાર્યવાહી કરવામાં આવેલ છે અને તે અંગે આપના તરફથી શું પગલા ભરવામાં આવેલ છે તે અંગેની સંપૂર્ણ માહિતીની વિગતો આપશો. આ પત્ર લખ્યાને પાંચ મહિના ઉપરાંતનો સમય વીતી ગયો હોવા છતાં સબંધિત અધિકારી ધ્વારા કોઈ કાર્યવાહી થઈ નથી તેની માહિતી આપવા બાબત.
સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૩૧/૧/૧૧ ની અપીલ અરજી નં. **SMC/FAP/** ૩૩૭/૨૦૧૦–૧૧.

શ્રી કલાબેન મહેન્દ્રકુમારની તા.૧૨/૧૧/૧૦ ની અરજીથી સુરત ટેક્ષસ્ટાઈલ માર્કેટમાં આવેલ દુકાન એ–૩૩૩૮ સંબધી જી.આર.સીલ્ક મિલ્સના નામે ધંધા સબંધી આપવામાં આવેલ લાયસન્સ નંબર એસ/ઉમરવાડા/૧૫૦૬ રદ કરવા બાબત ઉપર જણાવેલ વિષય બાબત તા.૮/૫/૧૦ ના રોજ આપવામાં આવેલ અરજી અંગે આપના તરફથી કઈ કાર્યવાહી કરવામાં આવેલ છે.અને તે અંગે આપના તરફથી શું પગલા ભરવામાં આવેલ છે તે અંગેની સંપૂર્ણ માહિતીની વિગતો આપશો.આ પત્ર લખ્યાને પાંચ મહિના ઉપરાંતનો સમય વીતી ગયો હોવા છતાં સબંધિત અધિકારી ધ્વારા કોઈ કાર્યવાહી થઈ નથી તેની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી નિર્દિષ્ટ સમયમર્યાદામાં માહિતી કે કોઈ નિર્ણય ન મળવાથી તથા મુદત વિત્યાબાદ મળેલી માહિતીમાં કાર્યવાહી કે પગલાં સબંધી માહિતી નહીં આપવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧/૧/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પુરક માહિતી ની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૨૬૮ તા.૫–૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી એ તા. ૧૬/૧૨/૧૦ ના રોજ માહિતી આપ્યાનું જણાવેલ છે. પરંતુ શું માહિતી આપી છે તેની તેમજ ભળતી માહિતી સ્પષ્ટતાના દાવા અંગે કોઈ વિગતો જણાવેલ નથી તે જણાવવા અથવા તેની નકલો અત્રે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૭૪ તા.૧૯–૨–૧૧ થી અત્રેના વિભાગને પુરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૮૫ તા.૧૬–૧૨–૧૦ ના પત્રની નકલ, તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ, જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૭૩ તા.૧૯–૨–૧૧ ના રોજ આપેલ પુરક માહિતીની નકલ, તથા અરજદારને તા.૨૭–૧૧–૧૦ ના રોજ પાઠવેલ પત્ર ૩૮૭૯ ના પત્રની નકલ, તથા નમુના–ડી ફોર્મ નં.૧૭૮૬૬ ની નકલ રજુ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૪–૩–૧૧ ના રોજ પુરક પત્રથી રજુઆત કરેલ છે.

અરજદારની તા.૧૨–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/ ૩૨૮૫ તા.૧૬–૧૨–૧૦થી દિન–૫ ના વિલંબથી માહિતી પુરી પાડેલ છે. જેમાં ' સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં આવેલ દુકાન નંબર એ/૩૩૩૮ મે.જી.આર.સીલ્ક મીલ્સના નામે ધંધા સંબંધી આપવામાં આવેલ લાયસન્સ નંબર એસ/ઉમરવાડા/ ૧૫૦૬ રદ કરવા બાબત અરજદારશ્રી કલાબેન મહેન્દ્રકુમાર શ્રોફ તા.૮–૫–૧૦ ના રોજ આપવામાં આવેલ અરજી અંગે કાયદા અનુસાર કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. સંસ્થાના માલિક/ ભાગીદારો ધંધો બંધ કરેલ અને નોંધણી રદ કરવા માટે અરજી કરે તો જ નોંધણી રદ થઈ શકે છે. કોઈ ત્રાહીત વ્યકિતની અરજીથી કોઈપણ સંસ્થાની નોંધણી રદ કરી શકાય નહીં. વધુમાં ધંધો બંધ થઈ જવા બાબતે જે તે નિરીક્ષકને પુરેપુરી જાણકારી મળે અને માલિકો /ભાગીદારો મળી આવવાની કોઈપણ શકયતા ન હોય તેવા સંજોગોમાં જે તે નિરીક્ષક નોંધણી રદ કરી શકે છે.' એવુ જણાવેલ છે. જે બાબતે અરજદારે માંગેલ માહિતી આપવામાં આવેલ નથી તેથી માહિતી પુરી પાડવામાં આવેલ નથી તેથી માહિતી પુરી પાડવામાં કરેલ કસુરના અનુસંધાને તા.૩૧–૧–૧૧ ના રોજ દિન–૧૫ ના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે દિન–૩૦ માં કોઈ નિર્ણય મળેલ નથી અને મળેલ નિર્ણયમાં કાર્યવાહી કે પગલા સબંધી માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે અપીલ અરજીમાં સદર ગુમાસ્તાધારા લાયસન્સ મૃત વ્યકિતની ખોટી બનાવટી સહી કરી રીન્યુ કરવામાં આવેલ છે. તેથી આ સબંધે કાર્યવાહી તથા પગલાં ભરી લાયસન્સ રદ કરવા તા.૮–૫–૧૦ ના રોજ લીંબાયત ઝોનના ગુમાસ્તા અધિકારીને આપવામાં આવેલ અરજીના અનુસંધાને શું કાર્યવાહી કરી કે પગલાં ભર્યા તે અંગે પુછવા છતાં માહિતી આપવામાં આવતી ન હતી. ગુમાસ્તાધારા અધિકારીનું વર્તન તથા વલણ ગુનાહીત કૃત્ય કરવા સામે પગલાં ભરવાના બદલે છાવરવાનું હોવાનું જણાવતા આરટીઆઈ હેઠળ અરજી કરવામાં આવેલ છે. અરજીમાં માંગેલ માહિતી પુરી પાડવાના

બદલે ગુમાસ્તા અધિકારીએ આપેલ જવાબનું પુનરાવર્તન કરતો જવાબ જાહેર માહિતી અધિકારીએ મોકલી આપેલ છે. તેવી રજુઆત કરેલ છે. મુદત બહાર મળેલી માહિતીમાં માંગેલ માહિતીને બદલે ભળતો જવાબ આપેલ છે. જેથી ના છુટકે અરજી કરેલ છે. ત્યારબાદ અરજદારને અપીલ તબકકે આરટીઆઈ સેલ/૧૨૬૮ તા.૫–૨–૧૧ થી ભળતી માહિતી આપ્યાનું જણાવેલ છે. પરંતુ શું માહિતી આપી છે અને ભળતી માહિતી કેવી રીતે તેની વિગતો જણાવવા તથા આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ જે બાબતે અરજદારે તા.૪–૩–૧૧ ના રોજ પુરક વિગતોમાં તા.૮–૫–૧૦ ના રોજ લાયસન્સ રદ કરવા માટે અરજી આપવામાં આવેલ જેના સંદર્ભે શું કાર્યવાહી કરી તે બાબતે ૧૨–૧૧–૧૦ ના રોજ માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારે સ્થળ તપાસ વિગેરે શું કાર્યવાહી કરી? તે બાબતનો રેકર્ડ જોઈ માહિતી પુરી પાડવાની થાય તેવી રજુઆત કરેલ છે. આપેલ જવાબમાં ગુમાસ્તા કાયદાનું જ્ઞાન આપતા હોય તે રીતે જવાબ આપેલ છે. તેથી જવાબમાં જે કાંઈ માહીતી છે તે માંગેલ માહિતી નથી અને ભળતી માહિતી છે તેવું જણાવેલ છે. આમ અરજદારે ભળતી માહિતી બાબતે સ્થળ તપાસ કરી માહિતી મેળવવાનો આગ્રહ રાખેલ છે. જે કાયદા સાથે સુસંગત નથી. અરજદારની મુળ તકરાર માલીકની ખોટી સહી બાબતે હોવાનો દાવો કરેલ છે. જે બાબતે અત્રે રજુ કરેલ નમુના–ડી ફોર્મ .૧૭૮૬૬ થી તા.૬–૨–૧૦ ના રોજ રીન્યુ અર્થે કરેલ જેની નકલ રજુ કરેલ છે. જેના માલીકોના નામ તરીકે શ્રી જગન્નાથ ગોધારામ વિગેરે ત્રણ ભાગીદારો હોવાનું જણાવેલ છે. આથી માલીક ત્રણ ભાગીદારો પૈકી કોઈપણ એકની સહીથી પરવાનો રીન્યુ થઈ શકે. જો જગન્નાથ ગોધારામનું મૃત્યુ થયેલ હોય તો તેમના અન્ય ભાગીદાર પણ લાયસન્સ રીન્યુ કરાવી શકે. અને સદર સહી જગન્નાથ ગોધારામની હોવા બાબતે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. તેમજ લાયસન્સ રદ કરવા અંગેની મુખ્ય તકરાર બાબતે પણ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં તેની જોગવાઈનો ઉલ્લેખ કરેલ છે તેમજ અરજદારની તા.૮–૫–૧૦ ની અરજી બાબતે પણ ઉલ્લેખ કરેલ છે. તેમજ અરજદારને તેમની ૧૧–૧૧–૧૦ ની અરજી બાબતે પણ સા.ઈ.ઝોન/ગુમાસ્તા/૩૮૭૯ તા.૨૭–૧૧–૧૦ ની અરજી બાબતે પ્રત્યુત્તર પાઠવેલ છે તેમજ અરજદારની તા.૩–૨–૧૧ ની અરજી બાબતે પણ અરજદારને પત્ર પાઠવેલ છે. વધુમાં અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૭૩ તા.૧૯–૨–૧૧ થી આપેલ પુરક પત્રમાં "આરટીઆઈ એકટ હેઠળ દફતરી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની હોય છે. તમારા ધ્વારા સદર કાયદા અન્વયે તપાસ રદ કરી નોંધણી રદ કરવા બાબતની કરાયેલ અરજીઓ આ કાયદા સાથે સુસંગત નથી. નોધણી રદ કરવા માટેના મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૯ માં જણાવેલ સંજોગો સિવાય નોંધણી રદ કરી શકાય નહીં." ' કલમ–૯ માલિકે , પોતે સંસ્થા રદ કર્યાના દસ દિવસની અંદર તે બાબતની લેખિત જાણ તદનુસાર ઈન્સ્પેકટરને કરવી જાણ થયેલ અને તેના ખરાપણા વિશે પોતાની ખાતરી થાય એટલે ઈન્સ્પેકટરે, આવી સંસ્થા, સંસ્થાઓના રજીસ્ટરમાંથી કાઢી નાંખવી અને રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરવું પરંતુ જો ઈન્સ્પેકટરને જાણ ન થાય પણ તેને બીજી ખાતરી થાય કે સંસ્થા બંધ કરવામાં આવી છે તો તે આવી સંસ્થા આવા રજીસ્ટરમાંથી કાઢી નાંખી શકશે. અને આવું પ્રમાણપત્ર રદ કરી શકશે." તેવું જણાવેલ છે.

તદઉપરાંત જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની વારંવારની અરજી અન્વયે તા.૨૩–૧૧–૧૦ ના રોજ સંસ્થાની સ્થળ તપાસ કરવામાં આવેલ તે દરમ્યાન ચાલુ સંસ્થામાં એક કર્મચારી કામ કરતા હોવાનું માલુમ પડેલ અને નોંધણી પ્રમાણપત્રમાં શ્રી જગન્નાથ ગોધારામ વિગેરે ત્રણ ભાગીદારો દર્શાવેલ, જે બાબતે દફતરી રેકર્ડની ચકાસણી કરતા અન્ય બે ભાગીદારો શ્રીમતી ગંગાદેવી ગોધારામ અને શ્રીમતી રામદેવી ખાનચંદ નારંગ હોવાનું માલમ પડેલ તપાસ દરમ્યાન શ્રી લલીત ખાનચંદ નારંગ નામના વ્યકિત હાજર હોય તેમને સંસ્થાના માલિક વિશે પુછતાં પોતે પણ એક ભાગીદાર હોવાનું જણાવેલ છે. તેઓને બાકીના ભાગીદારો વિશે પુછતાં શ્રી જગન્નાથ ગોધારામ અને શ્રીમતી ગંગાદેવી ગોધારામ આશરે ચાર વર્ષ પહેલા ગુજરી ગયેલ હોવાનું જણાવેલ છે. જેથી નોંધણી પ્રમાણપત્રમાં ભાગીદારીમાં થયેલા ફેરફાર બાબતે તેઓને લેખીતમાં સુચના આપવામાં આવેલ છે. તેમજ નોકર સંબંધીત જરૂરી દફતરો જેવાકે હાજરીપત્રક, પગારપત્રક વિગેરે સમયમર્યાદામાં રજૂ કરવા જણાવેલ છે. પરંતુ તેઓ તરફથી સદર બાબતે કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા નામદાર મ્યુ. કોર્ટમાં શોપ કેશ નં.૩૧૭/૧૧ થી ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે અને અરજદારને તે મુજબનો પ્રત્યુત્તર આપેલ છે જેની નકલો પણ રજુ કરેલ છે. વધુમાં સંસ્થાના છેવટના રીન્યુ ફોર્મની નકલ પણ રજુ કરેલ છે. ઉપરોકત હકીકત લક્ષી વિગતો હોય અરજદાર ધ્વારા તા.૮–૫–૧૦ તા.૧૧–૧૧–૧૦ તેમજ તા.૩–૨–૧૧ થી ગુમાસ્તા લાયસન્સન નોંધણી નં.એસ/ઉમરવાડા/૧૫૦૬ રદ કરવાની અરજી બાબતે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય તમામ અરજીઓ દફતરે કરેલ છે. તેવો પ્રત્યુત્તર પણ અપીલ તબકકે પુરક પત્રથી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પાઠવેલ છે.

આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી કરેલ તમામ અરજીઓની ફરિયાદને લગતી કાર્યવાહી કર્યા અંગેની હકીકતલક્ષી માહિતી સહિત સ્થળ તપાસના રિપોર્ટની કરેલી કાર્યવાહીની હકીકતલક્ષી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલ જણાય છે. અરજદારની અપીલમાં ખોટી સહી બાબતે અપીલ તબકકે અલાયદો તકરાર નિવારણને લગતો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવાની રહે . અરજદારે દિન–૧૫ની વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી  તરફથી પૂરી પડાયેલ હોઈ  અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતુ ન હોય  અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તથા જાહેર માહિતી અધિકારીએ વિલંબથી આપેલી માહિતી અંગે સમયમર્યાદા જાળવવા તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

અરજદારની અપીલમાં ખોટી સહી બાબતે અપીલ તબકકે મૂળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ તકરાર નિવારણને લગતા પ્રશ્ન બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર  છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૩–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) .....જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી કલાબેન મહેન્દ્રકુમાર,